Gujrati (P)

(સ) (P)

3149

(ગ)

# સ્વરાજ ગીત

IMPERIAL RECORD
RECEIVED
6 JAN. 1931
DEPARTMENT

3149
G

પ્રકાશક.

શાહ. મણિલાલ ચુનીલાલની કું.

કિંમત. ૦-૧-૦

## હવે થોડાજ દિવસોમાં બહાર પડનાર પુસ્તકો.

## "પ્રકાશ ગ્રંથમાળા"

**મણકો: ૧—સાદીસીધી વાતો ભાગ ૧**

અપૂર્વ રસીલી વાર્તાઓનો સંગ્રહ જે વાચક વર્ગ ! વાંચતાં ભાગ્યેજ પુરી કર્યા વીના ચેન પડશે. લેખકઃ—રમણલાલ પી. સોની.

**મણકો: ૨—બાળકોનાં ગીતો લેખકઃ રમણલાલ પી. સોની.**

નાના અને મોટાઓ માટે ઉત્તમ બાળ ગીતો, જે વાંચતાં જન સમૂહ ને અતિ રૂચીકર થઇ પડશે. ભાષા સાદી અને મીઠી હોઇ બાળકો તેને મોઢે કરવાં તુરતજ પ્રેરાશે.

લખોઃ—"ધી પ્રકાશ ગ્રંથમાળા"

કાર્યાલય. મોડાસા.

NATIONAL ARCHIVES LIBRARY
3149
29.3.72
GOVT. OF INDIA

આ ચોપડી મોડાસામાં આવેલા ખુટાલવાડાના મહોલ્લામાં "ધી મોડાસા પ્રિન્ટિંગ પ્રેસમાં શાહ મણિલાલ ચુનીલાલની કું. એ છાપી અને કું. ની વતી શાહ મણિલાલ મગનલાલે છપાવી પ્રગટ કરી.

3149
G.



૧

ડંકો વાગ્યો લડવૈયા, શૂરા જાગજો રે;
શૂરા જાગજો રે, કાયર ભાગજો રે:
ડંકો વાગ્યો.

માથું મેલો, સાચવવા સાચી ટેકને રે;
સાચી ટેકને રે, સાચી ટેકને રે:
માથું મેલો.

તોડી પાડો સરકારી જુલ્મી કાયદા રે;
જુલ્મી કાયદા રે (૨)
—તોડી પાડો૦

ભારતમુક્તિને કાજે, કાયા હોમજો રે;
કાયા હોમજો રે (૨)
—ભારત૦

૨

જંગ માંડયો મહાત્મા ગાંધીએ રે,
હાથ કરવાને પુર્ણ સ્વરાજ:
એણે હાલક પાડી છે દેશમાં રે,
થજો હિંદી શૂરા તૈયાર:
હિંદમાતાની બેડીઓ તોડવા રે,
કરો વહાલી કાયા કુરબાન:
તોપબંદૂકને તાબે કરે રે,
અહિંસાનું રૂડું હથિયાર:
જિંદગાની ગુલામની ધુળ છે રે,
મરી જાણો સ્વતંત્રતા કાજ,
આ ટાંણાનો જંગ છે આખરી રે,
ફના થવું ક લેવું સ્વરાજ:
ભલે છુટે જાલીમની ગોળીઓરે,
ભલે મારે હજારો લાખ:
ભલે સામગ્રી રાક્ષસી સામટી રે,
વાપરી લે બ્રિટિશ સરકાર.

૩

## અબકી ટેક હમારી

(રાગ કાફી)

અબકી ટેક હમારી, લાજ રાખો ગિરિધારી.
જૈસી લાજ રાખી અર્જુન કી,
ભારત યુદ્ધ મંજારી,
સારથી હો કે રથ કો હાંકો,
ચક્ર સુદર્શનધારી,
ભક્તન કી ટેક ન ટારી—લાજ૦
જૈસી લાજ રાખી દ્રોપદી કી;
હોન ન દીની ઉધારી,
ખેંચત ખેંચત દો ભુજ થાકે,
દુઃશાસન પચહારી,
ચીર બઢાયો મુરારી—લાજ૦
હિંદમાત કી લાજ રાખો,
અબ કો હય રખવારી,
રાધે રાધે શ્રી વર પ્યારે,
શ્રીવૃષભાન દુલારી,
ચરણ તક આયો તુમ્હારી—લાજ૦

૪

## સીધાવો તો ઘણું સારૂં

અમારૂં ભાન છે અમને, તમારૂં તો નથી તમને;
અમારૂં પાછું દઈ અમને, સીધાવો તો ઘણું સારૂં
હિસાબે આંકડા ખોટા, ઘણા વાળ્યા તમે ગોટા;
શી રીતે થાઓ છો મોટા, સીધાવો તો ઘણું સારૂં.
અન્યાયે જેલ દો અમને, સૂઝે ઇન્સાફ ના તમને;
સતાઓ સૌ રીતે અમને, સીધાવો તો ઘણું સારૂં.
બાળકને મારતા ફટકે, નિર્દોષી ફાંસીએ લટકે;
ઘણા માર્યા ગયા ઝટકે, સીધાવો તો ઘણું સારૂં
જામીન જબરાઇથી લીધા, બોલતા બંધ સૌ કીધા;
ઘણાને દેશવટા દીધા, સીધાઓ તો ઘણું સારૂં.
અબળાની લાજ તો લૂટી. જીવનદોરી તહીં તૂટી;
માર્શલલોની જડી બૂટી, સીધાઓ તો ઘણું સારૂં.
પ્રજાને ના શકયા પાળી, રહ્યા સૌ લોહીને બાળી;
હવે કેમ વૃત્તિ થઈ કાળી, સીધાવો તો ઘણું સારૂં.

ભારત ભૂખ્યું બધે ભટકે, છતાંયે દીલ ના ખટકે;
આત્મબળ એમ નહીં અટકે, સીધાવો તો ઘણું સારૂં.
ઝુલમ ઝાઝો બધે પેખું, લૂંટાયાનું નથી લેખું;
મદદ કાંઇએ નહીં દેખું, સીધાવો તો ઘણું સારૂં.
પ્રભુજીની મદદ સારી, હવે જઇશું નહીં હારી;
અવિનાશી ઐક્યતા ધારી, સીધાવો તો ઘણું સારૂં.

---

૫

## આઝાદીજંગ

યુવકો ઝુકાવજો રે ભારત આઝાદી જંગમાં
લાજે યુવાની ઘરમાં ભરાયે,
આવી ઝુકાવો જંગમાં—યુવકો૦
લાજે જુવાની કાયર બન્યાથી,
ખેલો શૂરા સંગ્રામમાં—યુવકો૦
દીપે જુવાની માથું મેલ્યાથી,
ભરતી થાઓ રણરંગમાં—યુવકો૦
કરી કેસરીયા માંડોને મોરચા,
ભારત આઝાદી જંગમાં—યુવકો

૬

કેમ થાયે સરકારની નોકરી રે,
જેણે પકડયા શૂરા સરદાર:
કરે સરકારી નોકરી આ સમે રે,
દેશદ્રોહી પુરા કહેવાય:
દેશદ્રોહી બનીને જીવવું રે,
હિંદમાતાની કૂખ લજવાય:
પેટ કાજે ડુબાડે દેશને રે,
દેશ દેશે લાખો ફિટકાર:
નથી સરકાર કોઇને પોષતી રે,
પોષનારો પ્રભુ બળવાન:
પટેલાઇને નોકરી સર્વના રે,
દીયો રાજીનામાં ધરી હામ:
ધન્ય વેળા, ઘડી આ ધન્ય છે રે,
નોકરીને લગાવો લાત.

૭

## ખાદી ખરી ખાનદાન

ખાદી ખરી ખાનદાન,
        વાહ મારી ખાદી ખરી ખાનદાન.—ટેક

લાખોને પાળે, લાખો જીવાડે;
        લાખોને શાન્તિ દેનાર—વાહ૦

ઉનાળે ઠંડક શિયાળે ગરમી;
        આપે ચોમાસે આરામ—વાહ૦

નાણાં બચાવે નાણાં વધારે;
        નાણાંની રેલો ફેલાય—વાહ૦

દુષ્કાળ ભાગે, રોગોને કાઢે:
        ચોરી લબાડીનો નાશ—વાહ૦

ટાણે કટાણે કાળે દુકાળે,
        ભાગ્યાની ભેરૂ ખાસ—વાહ૦

૯

## ટોપીળાનાં ટોળાં

ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં,
 ઉતરીયાં કંઈ આથમણે ઓવાર રે
 પરદેશી ભુખ્યાં ટોપીવાળાનાં ટોળાં ઉતર્યાં.

લીલી વાડી ને મીઠી છાંયડી,
 નિરમળાં કંઈ નદીઓ કેરાં નીર રે—પરદેશી

આંબે આંબે તે કોયલ લ્હેરતી,
 ઉડતા કાંઈ રૂડા હંસ ને મોર રે—પરદેશી૦

પુરી પનોતી બેઠી દેશની.
 અટારીએ કંઇ ભેરવના ભણકાર રે-પરદેશી૦

ઘેરે ઘેરે તે ઘુવડ બોલીઆં,
 રોવા લાગ્યાં કંઈ શ્વાન ને શિયાળ રે-પરદેશી૦

ધરતી રૂએ મેલી ધ્રૂસકાં,
 અધર્મના કાંઈ દુઃખનો નહિ પાર રે-પરદેશી૦

બાળા રાંડે તે બાર વર્ષની
 માડી પહેલાં મરે નાનાં બાળ રે—પરદેશી૦

ધરતી સુકાઇ થઇ વાંઝણી.
 કરવા બેઠા કળજુગના કાળ રે—પરદેશી૦

સુના ચરા ને સુના ગોચરા
સુના સુના પાણીઆરીના ઘાટ રે—પરદેશી૦
ભાંગી ભરવાડોની મોરલી,
કારખાને કંઇ કામધેનું કપાય રે—પરદેશી૦
તૂટી સાળો ને તૂટયા રેંટીઆ,
કારીગરોના કાપી નાખ્યા હાથ રે—પરદેશી૦
કજીઆ કરાવી ભાઈ ભાઈમાં,
પોતે થઇ બેઠા મોટા ભુપ રે—પરદેશી૦
આવ્યા ઓઢીને એવી કામળી
ઓળવાયા નહિ અંતરના ભોરિંગ રે--પરદેશી૦
કરી કચેરી ઉંચે ડુંગર,
વાળવા બેઠા દેશ કેરો દાટ રે—પરદેશી૦
વધ્યા કાયદા ને વધી કોરટો,
વધ્યા કાંઇ ગુન્હાના કરનાર રે—પરદેશી૦
વકીલો વધ્યા ને વધ્યા ડૉકટરો,
વધ્યા કાંઇ કજીયા ને રોગ રે—પરદેશી૦
એવો વેરો તે નાખ્યો આકરો,
ખેડુતોને ખાવા ન મળે ધાન રે—પરદેશી૦
ગરવા ગામના તો ઝુરે ઝુંપડાં,
માડી જાયા દેશીઓ વિંધાય રે—પરદેશી૦
આંખે પાટા બાંધ્યા લોકને,

ફુંચો દઇ ગુંગળાવી નાખ્યા શ્વાસ રે—પરદેશી૦
ડેરો નાખ્યો એણે ડેકમાં,
પગે પગે જકડી દીધી જંજીર રે—પરદેશી૦
એવે આવ્યા ગાંધીજી મોખરે,
યુગ યુગની ઉડાડી તેણે ફુગ રે—પરદેશી૦
દેશ તણો એ સાચો દીકરો,
કર્મવીર કસ્તુરબાના કંથ રે—પરદેશી૦
ફરી સરકાર રંક લોક પર,
તૂટી પડી જાણે વરૂ વાઘ રે—પરદેશી૦
ઠામે ઠામે જંજીરો ગોઠવી;
ઠામે ઠામે ઉડાડયાં એણે બલુન રે—પરદેશી૦
મહેલ જાણીને જજો જેલમાં,
છાતી ઉપર ઝીલજો બંદુક રે—પરદેશી૦
માતા જેવું હૈયું રાખજો,
દીલમાંહી રાખશો નહિ ડંખ રે—પરદેશી૦
પાયા ડગમગીઆ એના રાજયના,
ડોલતાં એનાં સિંહાસન દેખાય રે—પરદેશી૦
તાજ એનો પડુ પડુ થાય છે.
પુરેપુરૂં ભરાયું એનું: પાપ રે—પરદેશી૦
કાં તો હારશે એ એના પાપથી,
અથવા મરશે માંહોમાંહી કપાઇ રે—પરદેશી૦

---

## તમે ડરશો નહિ જરી મોતથી રે

તમે ડરશો નહિ જરી મોતથી રે,
મોત કાયરનું રોજ રોજ થાય છે રે,
પણ જીવે સદા શૂરવીર—તમે૦

સ્વાર્થે કાજે જીવે ક્ષુદ્ર માનવી રે,
પરમાર્થે જીવે બહાદુર—તમે૦

દેહ કાયરનો ભાર રૂપ છે રે,
ધન્ય શૂરવીરનો અવતાર—તમે૦

૧૦

કરો સાંધા ઢીલા સરકારના રે,
શસ્ત્ર છોડી ને શુદ્ધ અસહકાર;
રાજ્ય પરદેશીઓનુ ના ટકે રે,
દેશીઓ જો તજે સરકાર;
રાજ્ય પરદેશીએ આ હિંદનુ રે,
લુંટયું નાણુ હજારો લાખ;
રાજ્ય પરદેશીએ આ હિંદનુ રે,
બંધા ધંધાનો કીધો નાશ;
રાજ્ય પરદેશીએ આ હિંદનુ રે,
લુંટયાં વસ્ત્રો, ઘી, દૂધ, ને ધાન્ય,
બડીબડી નોકરીયો સાબને રે,
છોટીછોટીમાં હિંદના બાળ;
દુધ, માંખણુ ને મેવો સાબને રે,
પુરૂ પામે ન હિંદીઓ ધાન;
સાભ્રબી છે ગોરાને જેલમાં રે,
હિંદી નેતાને ડાકુ મનાય;
માટે બાળો સરકારી નોકરી રે,
પ્રભુ પંથે વળો ધરી હામ;

૧૧

# પ્રતિજ્ઞા

અમે લીધી પ્રતિજ્ઞા પાળશું રે,
ભલે કાયાના કટકા થાય. અમે૦

ભલે વરસે વરસાદ મહા જુલ્મનો રે,
ભલે થવાનું હોય તે થાય. અમે૦

અમે ગુજરાતનું નામ નહિ બોળશું રે,
ભલે માથું ને ધડ જુદાં થાય. અમે૦

અમે કીધાં કેસરિયાં પ્રેમથી રે,
ભારતની રાખવા લાજ. અમે૦

## ૧૨

# વૈષ્ણવજન

વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે
પર દુઃખે ઉપકાર કરે ને, મન અભિમાન ન આણે રે-
વૈષ્ણવ૦

કળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે
ાચ કાછ મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે-
વૈષ્ણવ૦

સમ દૃષ્ટિ અને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેને માત રે
જીહવા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે-
વૈષ્ણવ૦

મોહ માયા વ્યાપે નહિ જેને દઢ વૈરાગ્ય જેના મનમાંરે
રામ નામ શું તાળી રે લાગી સકળ તિરથ તનમાં રે-
વૈષ્ણવ૦

વણ લોભી ને કપટ રહિત જે, કામ ક્રોધ નિવાર્યા રે
ભણે નરસૈયો તેનું દર્શન કરતાં, કુળ ઇકોતેર તાર્યાં રે-
વૈષ્ણવ૦

૧૩

# સુજનને સહેવી ઘટે ત્યાં જેલ

સુજનને સહેવી ઘટે ત્યાં જેલ,
ઉભા જ્યાં અન્યાયીના મહેલ.

જ્યાં દેવો પારણીએ પોઢયા, જ્યાં દાનવના ખેલ;
સતી, જતી, જ્યાં હિમાલય શોધે, શઠમઠ જ્યાં માંડેલ,
—સુજનને૦

થાયપટુની જયાં પટુતા છે, જયાં દુર્બલ દાબેલ,
જટીલ, કુટીલ સુધરેલ ગણાય જયાં, જયાં કપટી કાબેલ,
—સુજનને૦

રાજ્ય પ્રપંચ કુશલ શકુનીના, જયાં પોબાર પડેલ,
ન્યાય નીતિ નિશ્ણાત વિદુરને, જયાં જીવવું મુશ્કેલ.
—સુજનને૦

વિપદ વરે વિપદો વરસે ત્યાં, નથી સુખ સગવડ સહેલ,
પાણીદાર કદી નહિ જ પલટે, તે તે કરશે પહેલ
—સુજનને૦

જુલ્મતણું પુર જોશ હશે ત્યાં કાઢે કદાપિ તેલ,
પણ રણધીર સ્વરાજ્ય ભુખ્યાને, ગેડી દડાની ગેલ,
—સુજનને૦

૧૪

## હરિનો મારગ

હરિનો મારગ છે શુરાનો; નહિ કાયરનું કામ જોને,
પરથમ પહેલું મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને,
સૂત વિત દારા શીશ સમરપે તે પામે રસ પીવા જોને,
સિંધુ મધ્યે મોતી લેવા, માંહી પડયા મરજીવા જોને,
મરણ આગળે તે ભરે મૂઠી, દીલની દુગ્ધા વામે જોને
તીરે ઉભા જુએ તમાસા, તે કોડી નવ પામે જોને
પ્રેમપંથ પાવકની જવાળા, ભાળી પાછા ભાગે જોને,
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનારા દાઝે જોને,
માથા સાટે મોંઘી વસ્તુ, સાંપડવી નહિ સહેલ જોને,
મહાપદ પામ્યા તે મરજીવા, મૂકી મનનો મેલ જોને,
રામ અમલમાં રાતા માતા, પૂરા પ્રેમી પરખે જોને,
પ્રીતમના સ્વામીની લીલા, તે રજનીદીન નિરખે જોને.

૧૫

## ' આઝાદીની તમન્ના '

યે શિર જાવે તો જાવે, પર આઝાદી ઘર આવે;
યે જાન ફના હો જાવે, પર આઝાદી ઘર આવે.

જો આગે કદમ ઉઠાયા, ઓ અબ નહિ હઠનેવાલા;
જો યકીન અપને પાયા, ઓ કભી નહિ રુકનેવાલા.

યે નવજવાનોં કી સેના, અબ નહિ હઠનેવાલી.
યે નવજવાનોં કી સેના, અબ નહિ રુકનેવાલી.

હમ ખુની જીગર કે પ્યાલે, દુશ્મન કો પીલાને વાલે:
હમ નહિ હે બુઝદિલ આદમ, હમ કહા સો કરને વાલે.

અય ગરદન ઊંચે ઉઠાઈ, નહિ જુલ્મો સે ઝુકનેવાલી;
અય સિતમ કે કરનેવાલે, ચલ બંદૂક જલદી ઉઠા લે.

હમ ખડે હે ઘર કે સીના, અય ગોલી ચલાને વાલે;
ચલ બતા દે તાકત તેરી, અબ હમ નહિ હઠનેવાલે.

હમ મરેંગે લડતેલડતે, નહિ લડાઇ મરને વાલી:
મયદાન ન હોગા ખાલી, જબતક ન હો ખુશહાલી.

અય મંજૂર હમે હય મરના, ચલ અપના સાજ સજાલે.
ચલ બતા દે તાકાદ તેરી અબ હમ નહિ થકનેવાલે.

૧૬

(ડરતા નથી સરકારથી રે, અમે ડરતા નથી સરકારથી-એ રાગ)

તોડશું, તોડશું, તોડશું રે,
અમે મીઠાનો કાયદો તોડશું;
વીશગણાં નાણાં સરકાર લૂંટે
એવો એ કાયદો તોડશું રે—અમે૦
લૂંટે ગરીબને, લૂંટે અપંગને,
જુલ્મી એ કાયદો તોડશું રે—અમે૦
લૂંટે અભણને, લૂંટે ગામડિયા,
પાપી એ કાયદો તોડશું રે—અમે૦
રોજી તોડી છે લાખો લોકોની,
એવો એ કાયદો તોડશું રે—અમે૦
ચાલો જુવાનો કરી કેસરિયાં,
જુલ્મો સરકારના તોડશું રે—અમે૦

૧૭

# શક્તિ મંત્ર

જનની ભારત આજ હમકો
  મધુર વીણા સુના રહી હય,
સ્વતંત્રતાકા રાગ ગા કર
  માનો અમૃત પીલા રહી હય,
સેંકડો વર્ષોસે હમથે
  ભાગ્યહીકે ફેરમેં,
ઉસકી નિર્ભરતા છુડાકર,
  સ્વાવલંબન શીખા રહી હય.

થા નિરાશાકા ભયાનક
  ભૂત જો હમપર ચઢા
રાષ્ટ્રકે સંગીત બલસે
  શીઘ્ર ઉસકો ભગા રહી હય.

ફીરભલા મય દીનતાકે
  શબ્દ કયસે કહ સકું?
જબકી માતા મીઠે સ્વરસે,
  શક્તિમન્ત્ર પઢા રહી હય.

૧૮

# સર ફરોશી કી તમન્ના

સર ફરોશી કી તમન્ના અબ હમારે દિલમેં હય,
દેખના હય જોર કીતના બાજુએ કાતિલમેં હય.
રહરવે રાહે મહોબત રહે ન જાના રાહમેં,
લજ્જતે સેહરાન-વર્દી દૂરીયે મંઝિલમેં હય.
આજ ફિર મકતલ મેં કાતિલ કહ રહા હે બાર બાર
કયા તમન્નાએ શહાદત ભી કિસી કે દિલમેં હય
અય શહીદે મુલ્કો-મિલ્લત મેં તેરે ઉપર નિસાર,
અબ તેરી હિમ્મત કા ચર્ચા ગેરકી મહફિલમેં હય
વક્ત આને દે બતાદેંગે તુઝે અય આસમાં !
હમ અભી સે કયા બતાએં કયા હમારે દિલમેં હય.
અબ ન પહેલે વલવલે હે ઓર ન અરમાનોકી ભીડ,
સિર્ફ મિટ જાનેકી યડ હસરત દિલે બિસ્મિલમેં હય.

૧૯

# એક દિન એવો આવશે

એક દિન એવો આવશે
જ્યારે અમીઝરણાં ઝરંતાં પૃથ્વીનેય પલાળશે
એક દિન એવો આવશે.

કલિકાળમાં પણ વીર એવા આર્યભૂમિમાં પાકશે.
નિજવીર્યથી ભુમિભક્તિથી આ સૃષ્ટિનેય ધ્રુજાવશે. એક૦

રામ, અર્જુન, ભિષ્મ જેવા કર્ણ, સંગ પ્રતાપ ને,
હમિરાજ, યોગીરાજ, ગુર્જરરાજનેય ભુલાવશે એક૦

શિબિરાજ, ભગિરથરાજ રામ પરમાર્થજીવન ગાળશે,
મેવાડના ભડ ભીષ્મ ચંદારાજને વિસરાવશે. એક૦

પરબ્રહ્મનિષ્ઠ વસિષ્ઠ વિશ્વામિત્ર ઋષિના પાદને,
પ્રેમે નમી નિઃસ્વાર્થ નેતા આર્યાવર્ત ઉદ્ધારશે. એક૦

આત્મબળ પામી બધા આ પુત્ર ભારતવર્ષના,
નિર્ભય તણી મૂર્તિ બની સૌ સ્વાર્થને તુચ્છકારશે એક૦
આ દેહ કાચો કુંભ આત્મા નિત્ય દિવ્ય પ્રકાશશે.
દ્દઢ સત્યપર એ શત્રુના સંગ્રામમાં સૌ ચાલશે. એક૦
આ દુઃખ ને ભૂખના પડે પોકાર ચારે દેશથી,
ત્યાંથીય મંગલ ગીતના ધ્વની મંદ મધુરા ચાલશે. એક૦
મરુ દેશના જેવી ઉજડ ભૂમી સર્વ ભારતવર્ષની,
ફળ પુલ્લથી લચી સુંદરી સમ એકલી અહીં મ્હાલશે. એક૦
અહીંથી મહાવીર મ્હારથી ટંકાર કરતાં શસ્ત્રના,
પરદેશમાં જઈ રાજ્યના શુદ્ધ ધર્મને શીખવાડશે. એક૦
પૂર્વે થયા ન્હોતા વળી સ્વપ્ને ન તર્ક્યો વીર તે,
આ પૃથ્વીને કરી સ્વર્ગ સર્વે દેવનેય ઉતારશે. એક૦

૨૦

## જનની સેવન

જનની સેવનનો મધમધુરો અવસર ક્યાં મળે રે,
અવસર ક્યાં મળે રે, જગજીવ્યૂં ફળે રે.

નવનિધ લાડે નિશદિન ઝુલવે,
ઉરહીર પાતી હૈયે હુલવે,
અલ્પ સાટું પણ અમિત ભારનું ક્યાં વળે રે;
જનની૦

પ્રભુપુર ગૌરવ વદને મલકે,
મંજુલ મોહક અન્તર ઝલકે,
નવનવ સાજે શીખ દે સાને પળે પળે રે;
જનની૦

ઉત્તમ શોણિત જનની કાજે,
રેલાયે શૂં વધુ કે'વાશે,
કિસ્મત્ ક્યાંથી ભારતિ હિત ક્યમા ઢળે રે!
જનની૦

## ૨૧

મંગલ મંદિર ખોલો
　　દયામય! મંગલ મંદિર ખોલો.-ટેક

જીવનવન અતિ વેગે વટાવ્યું,
　　દ્વાર ઉભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
　　શિશુને ઉરમાં લ્યો લ્યો. દયા૦

નામ મધુર તમ રટ્યો નિરંતર
　　શિશુ સહ પ્રેમે બોલો
દિવ્યતૃષાતુર આવ્યો બાલક,
　　પ્રેમ અમીરસ ઢોળો-દયા૦

૨૨

# એ કોણ?

એ કોણ છે જે જાગ્યો?
જેણે સહુને જગાડયાં!
એ કોણ છે જે છુટયો?
જેણે સહુને છોડાવ્યાં?
જે તરી શકે તે તારે,
જે જીવી શકે તે જીવાડે;
એ કોણ છે જે એવો?
જેણે સહુને જીવાડયાં?
જે હસી શકે તે હસાવે,
જે નમી શકે તે નમાવે;
એ કોણ છે જે એવો?
જેણે સહુને નમાડયાં?
જે સાધી શકે તે સધાવે,
જે જીતી શકે તે જીતાડે;
એ કોણ છે જે એવો?
જેણે સહુને જીતાડયાં?
એ કોણ છે જે જાગ્યો?
જેણે સહુને જાગાડયાં

૨૩

## યુગરેખા

મ્હેકે ભારતનો બાગ ( ૨ )
ફૂલડાં ફોરે નવયુગનાં;
ઉડે પ્રેમનો પરાગ ( ૨ )
ફૂલડાં ફોરે નવયુગનાં;
નવજીવન પ્રભાતના વિશુદ્ધ વાયુ વાય છે;
જનનિનો જળહરે સોહાગ,
ફૂલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.
સત્યને સહકાર દિવ્ય ચેતના મધુ હસે;
ટહુકે હૃદય કોકિલાના રાગ,
ફૂલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.
સ્વાર્પણની દેવ સરિત, વૃક્ષ વૃક્ષ વહી રહી;
શીખવતી તળાવોને ત્યાગ,
ફુલડાં ફોરે નવયુગનાં—મ્હેકે
ઐકયમૂળ વૃક્ષ વિમલ, શિતળ છાંય ઢાળતા;
ઉતારે હૈયાંનો થાક—
ફુલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.

કૃત્રિમતા તણી ઉતારી કાંચળી કુદરત લીલા,
છોડે પિનાકીના પિનાક,

ફૂલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.

ઋતુ ઋતુના રાજની વિરાજે મુકુટ મંજરી;
મ્હાલે જગ મધુકર મહાભાગ,

ફુલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.

ફુલફુલ કવિ બુલબુલ, સૂણાવે આત્મ બોલડા;
શો થશે સ્વરાજ ફલવિપાક,

ફુલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.

પ્રણવનાદપૂર્ણ માળી **મોહનની** મોરલી,
ડોલાવે દિશ દિશના નાગ;

ફુલડાં ફોરે નવયુગનાં—મ્હેકે.

૨૪

## બાપુ છૂટયે

(રાગ હોરી)

કપરી ટેક અમારી; લાજ રાખો ગિરિધારી.
કાલ હતું અમ હૈયું સૂનું, રડતી આંખ બીચારી,
આજે ઉરમાં નોબત બાજે, બાજે હર્ષ-સિતારી-
ઝીલીએ અમી-વૃષ્ટિ પ્રભુ ! ત્હારી:-કપરી.

રાહુ-ગ્રસ્યો દિનકરને જોતાં, કષ્ટ થતું અતિ ભારી,
ભાનુ વિણ સૌ મૂઢ બન્યાં'તાં, ધીરજ પણ હતી હારી
વ્હારે આજ ચ્હઢિયો મુરારિ:- કપરી.

દિનકરનાં ફરી દર્શન થાતાં, ઉર-કળી ખીલે અમારી
જબ્બર મોજાં ઉરમાં આવે, કેમ શકે ઉર ધારી
હર્ષનો સાગર ભારીઃ-કપરી.

ઉર આજે ઉભરાઈ રહ્યું છે, હર્ષે શકાય ન ખાળી,
એ ભરતીમાં ભારત ડુબશે, ડુબશે અવની સારી,
વિભુ! અકળ ગતિ છે ત્હારીઃ-કપરી.

ધુમ્મસ ગાઢું દૂર થયું છે, ઉડે તેજ-ફુવારી.
ઉરના તારો ઝણુઝણી ઉઠે, થનગને આશ અમારી-
ગાજે ઉર હર્ષ-ખુમારીઃ-કપરી.

કોણ હવે અમને મુંઝાવે? કોણ શકે ગભરાવી?
બાપુની શીળી છાંય હવે છે, નિર્ભય જાત અમારી-
લાગે બાપુની ગોદ હુંફાળીઃ-કપરી.

૨૫

( રાગઃ બિહાગ )

મુજ દેશાની આ તે દશા શી થઇ !
મૃત્યું સમુ જડ અંધ જીવન આ
દેખત નેનન જાય ખડી —મુજ૦

પૂર્વજ જેના મોતથી રમતા
તે પ્રજા આજ રહીજ રડી
માન સ્વમાનનું લક્ષણ ભૂલી
મોતનું રક્ષણ માગી રહી —મુજ૦

પ્રકૃતિ પોષણ સર્વનું કરતી
ધર્મ વ્યવસ્થા શોભી રહી,
આજ પ્રજા તે ઘરઘર ફરતી
નિર્લજ નોકરી માગી રહી—મુજ૦

આનંદ મંગલ જીવનથી જ્યાં
ભવ્ય ઉદારતા વ્યાપી રહી,
આજ ત્યાં રોતલ મોતલની રે,
કારમી ચીસ સૂણાઇ રહી !—મુજ૦

## ૨૬

રાગઃ ભીમપલાસ.

પ્રિય દેશી, સ્વદેશગીત ગાઓ હમેશ–
સારી સૃષ્ટિ માંહિ સુંદર સુશોભિત સ્વદેશ
ગીત ગાતા ખુદી વળો એ પ્યારો પ્રદેશ–પ્રિય૦
નથી ખલ્કમાં કો અન્ય દેશ આવો
ધુન દેશમંત્રની બધે જગાવો,
પહાડ પાણી પુકાર કરે મારો સ્વદેશ–પ્રિય૦
નહિ મોતની જરાયે બ્હીક રાખો
નેક ટેકના તો સ્વાદ કંઇક ચાખો
આભગાભને ગૂંજાવો, હો ગાઓ સ્વદેશ–પ્રિય૦

## ૨૭

રાગઃ સારંગ

દેશી સૌએ મન મંગલ કર બોલો મારો દેશ
ધરતી બોલે વાદળ બોલે ધણણ ધ્રુજે જો શેષ–
વનવગડામાં માત વિખુટું વચ્છ, ડૂબ્યો છે વિદેશ,
રાડફાડ ભરી તેમ પુકારો માત ઓ મારો તું દેશ–

**સાખી—**

માડી તારા ચરણમાં રહું નમ્યોજ હંમેશ
તું છે મારી દેવતા પાવક નામ પરદેશ

૨૮

( રાગઃ સિંહાનો કાન્હરો )

ધૂન સ્વદેશની ગગન ભરે છે-
ઉરઉર એનો નિનાદ વહે છે—ધૂન૦
બાળ ને વૃદ્ધ એ ઘોષ સુણીને
નિજનિજ સૂર પ્રચંડ કરે છે— ,,
એક હોકાર સ્વદેશ સુણીને
નસનસ જોરથી લોહી વહે છે— ,,
જન્મમુંગા પણ નામ સુણીને
જયજય મંગળ કાવ્ય કરે છે— ,,

૨૯

( રાધઃ વાગ્રેશ્વરી )

ધન્ય માતૃભૂમિ આજ ગાન તારૂં ગાઉં-ધન્ય
ઘરમાં હોઉં વનમાં હોઉં, ધૂન એ જમાવું
તવ સ્મૃતિ થકી ઘડી ન એક દૂર થાઉં- ,,
પૃથ્વી પર કે સ્વર્ગ વિષે દેવલોક જાઉં,
તવ પ્રતાપ મંત્ર હું બધે જઈ જગાવું- ,,
હાડચામ થાય ભિન્ન હું પીસાઇ જાઉં,
તવ સુગંધ બુંદબુંદ માંહી તો વહાવું- ,,

# "ધી મોડાસા પ્રિન્ટિંગ પ્રેસ મોડાસા."

## માલીકઃ-શાહ મણિલાલ ચુનીલાલની કું.

જ્યાં દરેક જાતનું જોબ વર્ક તેમજ બુક વર્ક ઘણુંજ સફાઈબંધ અને શહેરનાં કારખાનાઓ કરતાં ઘણાજ સસ્તા ભાવથી કરી આપવામાં આવે છે.

ફાઇન લેબલોના કામ માટે દરેક વેપારીઓને ડૉક્ટરો તેમજ અન્ય કારખાનાવાળા ને અમારી મુલાકાત લેવા અમારી ખાસ ભલામણ છે.

આ ઉપરાંત સ્ટેશનરીનો તમામ સામાન છુટક તેમજ જથાબંધ સસ્તા દરથી મળશે.

આ ઉપરાંત દરેક જાતના કાગળોનો સ્ટોક હમોએ રાખેલ હોઈ હમો સર્વે ગ્રાહકોને ઘણાજ ફાયદાકારક ભાવે આપી શકીએ તેમ છીએ.

મળો યા લખોઃ-શાહ મણિલાલ ચુનીલાલ ની કું.

મોડાસા. (ગુજરાત)

5/8/98
Ex. unit
23/7/2015 N.C
Rep (1) 97 (2)

પ્રથમ આવૃત્તિ

નકલ ૧૦૦૦ તા. ૨૦-૫-૩૦

ધી મોડાસા પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ મણિલાલ
ચુનીલાલની કુંoએ છાપી પ્રગટ કર્યું.